
# શહેરમાં વાઈરલ કન્જકિટવાઈટીસના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૨૧

રાજયના પાટનગરમાં હવે આંખ આવવાની બિમારીના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આંખ નો એડીનો વાઈરસ ઝડપી વકરી રહ્યો છે.



શહેરના નાગરીકો આંખના ચેપી રોગને અખીયા મિલાકે તરીકે પણ ઓળખે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી આંખ આવવાના દર્દીઓ સતત વધી રહ્યા છે. ત્યારે આજે આંખની ઓપીડીમાં આંખના ચેપી રોગના ૭૦ થી વધુ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા. ત્યારે સાવધાની ના રાખનાર શહેરની દરેક વ્યકિત આંખની બિમારીનો ભોગ બને છે. ત્યારે વાઈરલ કન્જકિટ વાઈટીસ બિમારી નગરનો અજગરી ભરડો લઈ રહી છે. ત્યારે આ બિમારીની પગલે આંખના ટીંપાની પણ ડીમાન્ડ બજારમાં વધી છે.

રાજયના એક પછી એક શહેરમાં વાઈરલ કન્જકિટવાઈટીસના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં ભીડભાડવાળી જગ્યાઓ પર ફરતા અને ચશ્મા નહી પહેરતા નાગરીકો આંખ આવવાની બિમારીનો ભોગ ઝડપી બને છે. આ કન્જકિટવાઈટીસના લક્ષણોમાં આંખ લાલ થઈ જાય છે તેમજ આંખમાંથી પાણી નીકળવું, આંખમાં દુખાવો થવો, પોપચા ચોટીં જાય છે. જેને પગલે આંખની બિમારી થઈ હોય તે દર્દી હેરાન પરેશાન થઈ જાય છે.જયારે આ વાઈરલ બિમારી પાંચ થી સાત દિવસ સુધી રહે છે. ત્યારે ગાંધીનગરમાં શહેરમાં પણ કન્ટકિટવાઈટીસના દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરની હોસ્પિટલમાં છેલ્લા પાંચ દિવસથી ૨૦ થી ૨૫ દર્દીઓ નોંધાતા હતા. તેની જગ્યાએ આજે આંખની ઓપીડીમાં આંખ આવી હોય તેવા દર્દીઓની સંખ્યા ૭૦ ને પાર કરી ગઈ હતી. જયારે ખાનગી આંખની હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર લેતા નજરે પડે છે.ત્યારે હાલ આંખની વાઈરલ બિમારીને પગલે સાવચેતીના ભાગરૂપે કેટલાક નાગરીકો ચશ્મા પહેરી રાખે છે. ત્યારે કન્જકિટવાઈટીસમાં યોગ્ય સારવાર કરવામાં ન આવે તો આંખની કીકીને પણ નુકશાન પહોંચી શકે છે. હાલ આંખની બિમારનો પગલે શહેરમાં આંખના ટીંપાના વેચાણમાં પણ વધારો જોવા મળ્યો છે.

### આંખ આવે તો ગભરાશો નહી, યોગ્ય જાણકારીથી સુરક્ષિત રહો...

**લક્ષણો**
- આંખો લાલ થવી
- ખંજવાળ આવવી
- સતત પાણી નીકળવું
- દુઃખાવો થવો
- પોપચા ચોંટી જવા

**- આંખ આવવાના કારણો**
- છીંક કે ખાંસી દ્વારા ચેપ લાગી શકે છે
- ચેપગ્રસ્તના સીધા સંપર્કમાં આવવાથી
- ધુળ-રજકણ, ફલુના પરાગરજ દ્વારા

**શું કરવું ?**
- સંક્રમિત વ્યકતિએ હંમેશા ચશ્મા પહેરી રાખવા
- ચેપી વ્યકિતનો રૂમાલ અલગ રાખવો
- સંક્રમિત વ્યકિતએ વારંવાર હાથ ધોવા
- તબિબોની સલાહ અનુસાર સારવાર કરવી

**શું ના કરવું**
- આંખને સ્પર્શ વારંવાર ન કરવી
- સંક્રમિત વ્યકિતની વસ્તુઓથી દુર રહેવું
- જાતે કોઈપણ દવાના ટીંપા નાંખવા નહી

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારો ફોન ચાર્જીંગમાં મુક્યો છે... તમારો ફોન બાથરૂમાં લઈ જાઉં છું... ડોલ ભરાય ત્યાં સુધી મને જોઈશે...!!!

## ગાંધીનગરના સ્પર્ધકોએ સ્કેટિંગ સ્પર્ધામાં વિવિધ મેડલ જીત્યા



અમદાવાદ એકલવ્ય સ્પોર્ટ્સ અકાદમી ખાતે ૧૬ જુલાઈને રવિવાર ના રોજ યોજાયેલ સ્કેટટિંગ સ્પર્ધા માં ગાંધીનગર ના કોચ શ્રી વસિમભાઈ ના માર્ગ દર્શન હેઠળ ગાંધીનગર ના હીર ઠાકુર, ધારિકા દવે, દેબું અભિષેક, કાવ્યા પટેલ, કાવ્યા અમિત પટેલ, ધ્યાન પટેલ, નવ્યા, ધ્વજા, આરુષ તથા અન્ય વિધ્યાર્થી ઓ એ ભાગ લઈ ને ગોલ્ડ, સિલ્વર, બ્રોંજ તથા સર્ટિફિકેટ મેળવી ને ગાંધીનગર નું નામ રોશન કરેલ છે.

## કડવા પાટીદાર ગોળ-સમાજ ગાંધીનગર હોદ્દેદાર સંમેલન



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ખાતે રહેતા ગુજરાતના તમામ ગામડાઓના જે તે કડવા પાટીદાર ગોળ સમાજના પ્રમુખ-મંત્રી અને અન્ય હોદ્દેદારોનું સ્નેહમિલન રાખવામાં આવેલ. તેનું આયોજન કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૨, ઉમા હોલ ખાતે યોજવામાં આવેલ. તેમાં કડવા પાટીદાર સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને સમાજના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમાં ગુજરાતના ૪૦ સમાજોના ૨૦૦ હોદ્દેદારો દ્વારા ભાગ લેવામાં આવેલ. સમાજમાંથી વ્યસન મુક્તિ, સ્ત્રી ભૃણ હત્યા, લવ જેહાદ જેવા પ્રસંગો ન બને, યુવતિઓ અને યુવાનો જાગૃત થાય વિગેરે બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી અને અંતે બધાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## શિહોલી મોટી એલીગન્સ રેસિડેન્સી ખાતે હોમીઓપેથી નિદાન સારવાર કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવનાબેન પટેલના માર્ગદર્શનથી તા. ૨૧-૭-૨૩ના રોજ બપોરે ૧૨ થી ૩ દરમ્યાન એલીગન્સ રેસીડેન્સી, શીહોલી મોટી ગામ ગાંધીનગર ખાતે સરકારી હોમિયોપેથીક દવાખાનું ચિલોડાના મેડીકલ ઓફિસર ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ દ્વારા હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવેલ. જેમાં એલર્જી, ડાયાબિટીસ અને સાંધાના દુખાવાના વધુ દર્દીઓ જોવા મળેલ. કુલ ૯૨ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો, આ સાથે તમામ લાભાર્થીઓને ડેન્ગ્યુ અને મેલેરિયા વિશે લોકોને માહિતી આપી હતી. આ કેમ્પમાં શિહોલી પેટા આરોગ્ય કેન્દ્ર અને એલિગન્સ રેસીડેન્સી મેનેજમેન્ટનો સહકાર મળેલ હતો.

## ચિલોડા મોટા કેપિટલ નર્સિંગ કોલેજમાં શપથવિધિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૧

તા. ૨૧-૭-૨૦૨૩નાં રોજ ઓમ લેન્ડ માર્ક ટ્રસ્ટ દ્વારા સંચાલિત કેપિટલ નર્સિંગ કોલેજમાં ભણતા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોદારભાઈ પટેલ, જૈમીનભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ, અન્ય વિભાગના પ્રિન્સિપાલ, નર્સિંગ કોલેજનો સ્ટાફ તથા બીજા વર્ષના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

## નાસતા ફરતા આરોપીને ડીસાથી એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૧

દુષ્કર્મ અને પોકસોના ગુનામાં સાબરમતિ જેલામાં સજા કાપી રહેલો કાચ કામનો કેદી પેરોલ જમ્પ કરી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો. જેથી પોલીસને બાતમી મળી હતી કે ડીસા શહેરમાં આરોપી રીક્ષા ચલાવી રહ્યો છે. જેને પગલે એલસીબી પોલીસની ટીમે રીક્ષા ચાલકનો વેશ ધારણ કરી ડીસામાંથી આરોપી ને ઉઠાવી લઈ ફરી પાછો સેન્ટ્રલ જેલ હવાલે કરવામાં આવ્યો હતો.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.પરમાર દ્વાર ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે જેલ પાછળ ધકેલી દેવાની સુચના સ્ટાફના કર્મચારીઓને સુચના આપવામાં આવી છે. જેથી એલસીબી પીએસઆઈ બી.એચ.ઝાલા તેમજ ટીમના જવાનો પેરોલ ફર્લો જમ્પ. વચગાળાની જામીન ફગાવી તેમજ પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા કેદીઓને પકડી પાડવાની દિશામાં સક્રિય થઈ હતી. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ મથકમાં વર્ષ-૨૦૨૧ નોંધાયેલા દુષકર્મ પોકસોના ગુનામાં સાબરમતિ સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપતો આરોપી ગુલાબસંગ મેવાજી ઠાકોર (મુળ રહે પરસુદ ઠાકોર વાસ, જી.પાટણ), છેલ્લા એક વર્ષથી વચગાળાના જામીન મેળવી પેરાલ જમ્પ કરી ને નાસતો ફરી રહ્યો છે. ત્યારે પોલીસે ટેકનીકલ હ્યુમન સોર્સ દ્વારા તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.પોલીસને બામતી મળી હતી કે આરોપી ડીસામાં છુટક મજુરી તેમજ રીક્ષા ચલાવે છે. જે અન્વયે ટીમ દ્વારા ડીસામાં ધામા નાંખ્યા હતા. ડીસા વિસ્તારમાં શોધખોળ કરવા છતા આરોપી હાથમાં આવતો ન હતો. આથી એલસીબીની ટીમે રીક્ષા મંગાવી હતી. જેમાં એક પોલીસ કર્મચારી રીક્ષા ડ્રાઈવર અને ત્રણ પોલીસ કર્મચારી મુસાફર બન્યા હતા. ત્યારબાદ રીક્ષા લઈને ડીસા વિસ્તારમાં ફરવાનું શરુ કર્યું હતું. તે દરમિયાન આરોપી ગુલાબસંગ મેવાજી ઠાકોરની ઓળખ પ્રસ્થાપિત થતા જ એલસીબીની ટીમે ઉઠાવી લઈ ગાંધીનગર આવી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે આરોપીએ હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન લીધા હતા. જેને ગત તા.૨-૭-૨૨ ના રોજ સેન્ટ્રલ જેલમાં પરત ફરવાનું હતું. પરંતુ આરોપી પેરોલ જમ્પ કરીને નાસતા-ફરતા આરોપીને પકડી જેલ હવાલે કરી દીધો છે.

## જાખોરા ગામે ખાબકેલા વરસાદથી ખેતરો બેટમાં ફેરવાતા ભારે નુકશાન



ગાંધીનગર, તા. ૨૧

જાખોરા ગામમાં બુધવારે મોડી રાત્રે ખાબકેલા ભારે વરસાદથી ગામ વિસ્તાર પ્રાથમિક શાળા, શેરીઓ, રસ્તા ઉપર ચારે તળાવો છલકાઈ અને ખેતરો બેટમાં ફેરાવાતા વધુ નુકસાન થયું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શંકરસિંહ વાઘેલાના જન્મદિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે બાપુશ્રી શંકરસિંહ વાઘેલાના જન્મદિન નિમિત્તે કોલેજના કલાસ ૪ કર્મચારીઓમાં ટિફિન વિતરણ કરી જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી. બાપુ શ્રીના ૮૩ માં જન્મદિન નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા બધાએ બાપુ શ્રી ને તેમના સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે વાઈસ પ્રિન્સિપલ શ્રી રસિક તન્ના, પ્રિન્સિપાલ ડો. રાજી ડેનિસ, કેમ્પસ ડિરેકટર એમ. ડી. પાંડે પ્રસંગોપાત ઉદબોધન કર્યું હતું.

## અસરગ્રસ્ત મહુન્દ્રા ગામની મામલતદારે મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૧

ગતરોજ જિલ્લાના મહુન્દ્રા ગામે નાળાના પાણીથી ગામના વાસીઓએ ઉઠાવેલા નુકશાનને ધ્યાને લઈ મામલતદાર ભાવનાબેન શુકલા ગામની મુલાકાતે પહોંચ્યા હતા. શુકલાએ અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં તેઓએ સરપંચને આ વિષય પર માર્ગદર્શન પણ આપ્યું હતું.

## શહેરના ડેપોમાંથી ભાવનગરના લેકચરરનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપોમાંથી ભાવનગરના લેકચરરનો રૂ.૨૯ હજારના મોબાઈલ ફોનની ચોરી થવા પામી છે. લેકચરર બસમાં બેસવા જતા હતા તે સમયે મુસાફરોની ભીડ વધુ હોવાથી ધક્કામુકી થઈ હતી. ત્યારે બસમાંથી વધુ એક મુસાફરના મોબાઈલ ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે.



મળતી વિગત મુજબ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સણોસરા ગામે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ ખાતે રણજીતભાઈ સોંલકી લેકચરર તરીકે ફરજ બજાવે છે. વન પ્લસ કંપનીનો ૧૦ આર મોડલનો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા. ગત તા.૪-૭-૨૩ ના રોજ ગાંધીનગર સચિવાલય ઓફિસના કામઅર્થે આવ્યા હતા અને ઓફીસનુ કામ પુરુ કરીને ૧૨.૩૦ કલાકે ઘરે પરત જવા માટે નીકળ્યા હતા. ત્યારે એસ.ટી.ડેપોમાં પ્લેટફોર્મ નં.૫ સામે સરખેજ જવા માટે બસની રાહ જોઈ ઉભા હતા.જયારે દોઢ વાગે બસ આવતા ગાંધીનગર સરખેજ બસ_વતા બસમાં બેસવા માટેની ભીડ વધુ હતી. જેથી બસમાં બેસવા માટે ધક્કામુકી થઈ હતી. તે ધક્કામુકી લેકચરર પણ બસમાં બેસી ગયા હતા. બસમાં બેઠા પછી શર્ટના ઉપરના ખીસ્સામાંથી મોબાઈલની લેવા જતા જણાયો ન હતો. લેકચરરે બસમાંથી ઉતરી ફોનની શોધખોળ કરી હતી. ડેપો ખાતે અન્ય મુસાફરોને પણ પુછપરછ કરી હતી પરતું મોબાઈલ મળી આવ્યો ન હતો. જેથી લેકચરરે રૂ.૨૯ હજારના મોબાઈલ ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા વાહનો ચોર ટોળકી માટે સોફટ ટાર્ગેટ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે કેડીલામાં ફરજ બજાવતા આસી.મેનેજરનું એકટીવા ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા વૃંદાવન બંગ્લોઝ ખાતે રહેતા વિરેન્દ્રસિંહ કિરીટસિંહ ગોહિલ પરિવાર સાથે રહે છે અને કેડીલા ફાર્મસીક્યુટલ બી કંપનીમાં આસીસટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જયારે નોકરીનો સમય સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાનો છે. તેઓએ નોકરી પર જવા આવવા માટે પોતાના મિત્રનું એકટીવા નં.જી.જે.૨૭.એન.-૪૪૧૧ લીધુ હતું. એકટીવાનો ઉપયોગ છેલ્લા ૬ માસથી તેઓ કરતા હતા. ગત તા.૧૮ જુલાઈના રોજ સવારે નરોડા થી એકટીવા લઈ નોકરી જવા માટે નીકળ્યા હતા.ત્યારબાદ સાડા સાત વાગે ઝુંડાલ બ્રીજ નીચે એકટીવા પાર્ક કરી લોક મારી મુક્યું હતું. ઝુંડાલથી સ્ટાફ બસ આવતા તેમાં બેસી તેઓ નોકરી પર ગયા હતા.જયારે સાંજે નોકરીથી પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. જેથી એકટીવાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા એકટીવા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે પણ દિવસ દરમ્યાન વરસાદ નોંધાયો ન હતો, જો કે વાતાવણ વાદળછાયુ રહેતાં અસહ્ય બફારો લોકોએ અનુભવ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં કાદવ-કીચડની સ્થિતિને લઈ રોગચાળાનો ભય નગરજનોમાં ઉભો થવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોનો વેપલો વધતાં નગરજનોમાં ચર્ચાએ જોર પકડ્યુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વધેલા દબાણોને લઈ તંત્રની ચિંતા વધી.
- આજે ૨૨મી જુલાઈ એટલે રાષ્ટ્રીય કેરી દિવસ : રાજયમાં ૨૦૨૩-૨૪માં રૂ. ૨૬૮ કરોડની કેરીનું વેચાણ થયાનો અંદાજ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં તળાવો ભરાતા ભૂગર્ભ જળની સ્થિતિમાં સુધારો થયો.
- શિહોલી મોટી ગામે હોમીયોપેથીક નિદાન કેમ્પ યોજાયો.
- માણસા પોલીસે વિજાપુરથી અમદાવાદ તરફ જતી ગાડીમાંથી ૨૫૦ લીટર દેશી દારૂ ઝડપ્યો.
- ગાંધીનગરમાં ઓમ લેન્ડ માર્ક ટ્રસ્ટ દ્વારા કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટીંગ અને ઓથ ટેકિંગ પ્રોગ્રામ યોજાયો.
- ઝુંડાલ સર્કલના બ્રિજ નીચે પાર્ક કરેલી એકટીવાની ચોરી થતાં ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી છે.
- જિલ્લામાં જિલ્લા ફેરબદલીથી નિયુક્ત થયેલા ૨૯ નાયબ મામલતદારો હાજર થતાં આજે તેમને નિમણુંકો આપતા હુકમો કરવામાં આવ્યા છે.
- રાજભવનમાં આજે સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે પ્રાકૃતિક ખેતીને લઈ પરિસંવાદ યોજાયો હતો.
- કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામે સત્ય સાંઈ સેવા સંગઠનના ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.
- સીનીયર સીટીઝન ગૃપ દ્વારા માસિક જન્મોત્સવની ઉજવણી ઉત્કંઠેશ્વર ખાતે કરાઈ હતી.
- માણસા તાલુકાના અંજનપુરા ગામની પ્રા. શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરી.
- ગાંધીનગર શહેરમાં ટૂંક જ સમયમાં નવા અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો શરૂ કરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં સ્વચ્છતા અભિયાન સઘન બનાવવામાં આવશે.

## અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૭-૨૦૨૩, શુક્રવારના રોજ યુથ હોસ્ટેલ, ગાંધીનગર ખાતે 'મોહમ્મદ માંકડના સાહિત્ય' અંગેના રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિસંવાદમાં ગુજરાતના અગ્રણી સાહિત્યકારો, મોહમ્મદ માંકડના સમગ્ર સાહિત્યમાં ટુંકી વાર્તાઓ, કેલિડોસ્કોપ, નવલકથાઓ અંગે પોતાના વક્તવ્યો આપશે તેમજ મોહમ્મદ માંકડના સાહિત્ય પર યુવા ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ભાસ્કર શુક્લએ અખબારી યાદીમાં માહિતી આપી હતી.